ગાંધીનગર સમાચાર

હેપ્પી બર્થ ડે ટુ યુ સેન્ટ ઝેવિયર્સના ફાધરના જન્મ દિવસે વિદ્યાર્થીઓનું ગાન

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરની સૌ પ્રથમ ખાનગી શાળાનું બહુમાન ધરાવતી અને આગવું નામ ધરાવતી સેન્ટ ઝેવિયર્સ શાળાએ ગાંધીનગરનાં ગૌરવ સમાન છે. શાળાના પ્રિન્સિપાલ ફાધર હેક્ટર પિન્ટો વિદ્યાર્થીઓમાં અતિપ્રિય છે.

આજે ફાધર હેક્ટરનો બર્થ ડે હોવાથી સમગ્ર શાળાને વિદ્યાર્થીઓએ સ્વેચ્છાએ સજાવી હતી. માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિકના વિદ્યાર્થીઓએ ડાન્સ-ડ્રામાનો રંગારંગ કાર્યક્રમ યોજ્યો હતો. ધોરણ-૧૧-ડી ના વિદ્યાર્થી અને શિક્ષકોએ સાજ-શણગાર અને રંગોળીથી ફાધરની પૂર્ણ ઓફિસ અને પેસેજને શણગારતા ફાધર જોઈ અભિભૂત થઈ ઉઠ્યા. એ જ વિદ્યાર્થીઓએ એક સુંદર મોટી કેક લાવી ફાધરના હસ્તે કપાવી એમને જન્મદિવસની સરપ્રાઈઝ ગિફ્ટ આપી હતી.

પ્રાથમિક વિભાગનાં વિદ્યાર્થીઓએ પણ વિવિધ વેશભૂષામાં સજ્જ થઈ સરસ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો અને એમણે પણ કેક કાપી 'હેપ્પી બર્થ ડે ટુ યુ' ના મધુરાં ગીતનું ગાન કર્યું હતું. ફાધર હેક્ટરનો જન્મદિવસ સમગ્ર શિક્ષણગણે પણ ખુબ ઉત્સાહપૂર્વક મનાવી એમનાં જન્મ દિવસને યાદગાર બનાવ્યો હતો.

ફાધરે ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં ઉજવાયેલા જન્મદિવસ માટે સર્વે વિદ્યાર્થીઓ અને શિક્ષકોનો આભાર વ્યક્ત કર્યો હતો. જન્મદિવસની ખુશીમાં ફાધરે સ્ટાફને મધુરૂ ભોજન પિરસ્યું હતું. સ્કૂલના પ્રિન્સિપાલનાં જન્મ દિવસને આટલાં ધામધૂમથી ઉજવાતા ખ્યાલ આવે કે આ ફાધર સર્વેમાં કેટલાં પ્રિય છે. ફાધર હેક્ટરને એમનાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને શહેરનાં અગ્રણીઓએ પણ અનેક શુભેચ્છાઓ પાઠવી છે.

રાજયની વિવિધ પ્રતિભાઓને તૃતીય ગિરનાર શિરોમણી પુરસ્કાર અર્પણ કરાયા

ગાંધીનગર, તા.૩૦

ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીએ રાજયના વિવિધ ક્ષેત્રોમાં બહુમૂલ્ય પ્રદાન કરવા બદલ વિશિષ્ટ પ્રતિભાઓને તૃતીય ગિરનાર શિરોમણિ પુરસ્કારોથી સન્માનિત કર્યા હતા.

અમદાવાદ દૂરદર્શન કેન્દ્ર દ્વારા ગઈ કાલે અમદાવાદમાં તૃતીય ગિરનાર શિરોમણી પુરસ્કાર ૨૦૧૪ વિતરણ સમારોહ યોજાયો હતો. રાજયપાલશ્રીએ ગુજરાત ચલચિત્ર જગતના પ્રસિદ્ધ કલાકાર શ્રી મહેશકુમાર અને શ્રી નરેશકુમાર કનોડિયાને આજીવન સિદ્ધિ શિરોમણી પુરસ્કારથી નવાજયા હતા. જાણિતા ઉદ્યોગપતિ શ્રી સંજય લાલભાઈને ઉદ્યોગ શિરોમણિ પુરસ્કાર, ફોટો જર્નાલીસ્ટ શ્રી ઝવેરીલાલ મહેતાને પત્રકાર શિરોમણી પુરસ્કાર, શ્રી ભિખુદાન ગઢવીને લોક કલા શિરોમણી પુરસ્કાર, સંગીત-ગાયક બેલડી શ્રી જનાર્દન રાવલ અને શ્રીમતી હર્ષદાબેન રાવલને સંગીત શિરોમણી પુરસ્કાર, શિક્ષણાશાસ્ત્રી ડૉ. સુદર્શન આયંગરને શિક્ષણ શિરોમણિ પુરસ્કાર, સમાજસેવિકા ડૉ. શકુંતલાબેન માવલંકરને સેવા શિરોમણિ પુરસ્કાર, નિર્માતા શ્રી નિમેષ દેસાઈને નાટય શિરોમણિ પુરસ્કાર, ક્રિકેટર શ્રી પાર્થિવ પટેલને ખેલ શિરોમણિ પુરસ્કાર તથા સાહિત્યકાર, ડૉ. ભગવતીકુમાર શર્માને સાહિત્ય શિરોમણિ પુરસ્કાર અર્પણ કરાયા હતા.

રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીએ તેમના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે અમદાવાદ, દૂરદર્શન કેન્દ્રે શિરોમણિ એવોર્ડ શ્રૃંખલાના માધ્યમથી સમાજના વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત એવી વિશિષ્ટ પ્રતિભાઓનું સન્માન કરીને સમાજ સેવાનું ઉત્તમ ઉદાહરણ પુરું પાડયું છે તેમણે દૂરદર્શન દ્વારા સમાજ પ્રત્યેની તેની ભૂમિકાની પ્રશંસા કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે લોક પ્રસારક તરીકે ડી.ડી. ગિરનારનો વિવિધતા સભર કાર્યક્રમોના માધ્યમથી દર્શકો સાથે અતૂટ નાતો રહ્યો છે. કેન્દ્રો તેના કાર્યક્રમો દ્વારા સ્વચ્છ મનોરંજનની સાથે સાથે લોક જાગૃતિ અને લોક શિક્ષણની મહત્વની કામગીરી પણ બજાવી છે એમ તેમણે ઉમેર્યું હતું.

પ્રારંભમાં દૂરદર્શન કેન્દ્રના ઉપમહાનિર્દેશક શ્રી શિવાજી ફુલસુંદરે સ્વાગત પ્રવચન કર્યું હતું.

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના મુખ્ય મહાનિર્દેશક શ્રી એ.એન. અયૈપા તથા કેન્દ્રના ઉપમહાનિર્દેશક શ્રી જે.કે. ચંદિરાએ પણ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા.

હરિની દૃષ્ટિ...

પિતાજી, આ લોકો ડેકોરેશન, લાઇટ, ધૂપ અને લાડુનો પ્રસાદ તો અદ્‌ભુત ધરે છે, પરંતુ મારા મુષકની જગ્યાએ આ મુકે છે, અને તે મારો 'માઉસ' છે એમ કહે છે...!!

બાશ્રી વસંતકુંવરબા શાળાનું ગૌરવ

ગાંધીનગર, તા. ૩૦

સેક્ટર-૩૦ વનચેતના કેન્દ્ર ખાતે વન વિભાગ દ્વારા વન્ય પ્રાણી સપ્તાહ અંતર્ગત વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. સ્પર્ધામાં નગરની શાળાના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં બાશ્રી વસંતકુંવરબા કન્યા શાળાની ધોરણ-૯ માં અભ્યાસ કરતી ધ્રુવી રાયે તાલુકા કક્ષાએ બીજો અને જિલ્લાકક્ષાએ તૃતીય નંબર મેળવી બાશ્રી વસંતકુંવરબા શાળાનું ગૌરવ વધાર્યું છે. ધ્રુવીને શાળા પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેર પશ્ચિમ વ્યાયામ મંડળ દ્વારા યુવક મહોત્સવ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેર પશ્ચિમ વ્યાયામ મંડળ દ્વારા તા. ૩૦ મી ઓગસ્ટના રોજ શ્રી મહાત્મા ગાંધી વિદ્યામંદિર સેક્ટર-૧૬ ખાતે વિભાગ કક્ષાએ યુવા મહોત્સવ રાખેલ છે. તો તેમાં આવતી શાળાનો અને વિવિધ મંડળો દ્વારા વિદ્યાર્થીઓ ભાગ લે તેવી સુચના આપવી.

'અ' વિભાગ - ૧૫ થી ઉપરના અને ૧૯ વર્ષ સુધીના
'બ' વિભાગ - ૧૯ વર્ષથી ઉપરના અને ૩૫ વર્ષ સુધીના
'ક'ખુલ્લો વિભાગ - ૧૫ થી ૩૫ વર્ષ સુધીના ભાગ લઈ શકશે.

યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા

ગણેશ મહોત્સવ દરમિયાન વ્યસન મુકિત રેલી યોજવામાં આવશે

ગાંધીનગર, તા.૩૦

નગરમાં દુંદાળા દેવનું સ્થાપન કરી પૂજા અર્ચના કરવામાં આવી રહી છે. યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ સેકટર-૭ ખાતે સાર્વજનિક ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે ગઈ કાલે સંસ્થા દ્વારા વાજતે ગાજતે વિઘ્ન હર્તા દેવનું સ્થાપન કરવામાં આવ્યું હતું. દરેક દિવસે અલગ અલગ કાર્યક્રમ યોજાશે અને વ્યસન મુકિત માટે રેલીનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

સેકટર-૭ સ્થિત યુનાઈટેડ ચેરીબલ ટ્રસ્ટ દ્વારા ગણેશ ચતુર્થીના દિવસે વિઘ્નહર્તા, લંબોદર, સૂંઢાળા અને દુંદાળા દેવનું સ્થાપન કરવામાં આવ્યું છે ત્યારે તા. ૨ ઓગષ્ટથી તા. ૨ સપ્ટેમ્બર દરમિયાન ગણેશ મહોત્સવમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમ યોજાશે. જેમાં આજે ગણેશ યાગમાં ૧૦૮ લાડુની આહુતિ અપાશે. તા. ૧ના રોજ રાત્રે ૮.૩૦ વાગે બહુચર મંડળ દ્વારા આનંદનો ગરબો અને ૨જી સપ્ટેમ્બર મંગળવારના રોજ ગણેશ વિસર્જન કરવામાં આવશે.

ટ્રસ્ટ દ્વારા બેટી બચાવો, ધુમ્રપાન છોડો વિષય પર જન જાગૃતિ રેલી કાઢવામાં આવશે. આ રેલી તા. ૧લીના રોજ સવારે ૧૦ વાગે યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ ઓફિસથી પથિકાશ્રમ સર્કલ અને ત્યારબાદ પરત ઓફિસે ફરશે. રેલીમાં બેટી બચાવો, ધુમ્રપાન છોડો જેવા પ્લે કાર્ડ દર્શાવવામાં આવશે. રેલી ઘ રોડ પર નિકળશે તેમ ડૉ. હાર્દિક તલાટીએ જણાવ્યુ છે.

સે. ૮ પ્રા. શાળામાં જ્ઞાન સપ્તાહની ઉજવણી કરાશે

સેક્ટર-૮, સરકારી પ્રાથમિક શાળામાં જ્ઞાન સપ્તાહની ઉજવણી કરવામાં આવશે. જ્ઞાન સપ્તાહ ૧ સપ્ટેમ્બરથી ૫, સપ્ટેમ્બરે શાળામાં યોજવામાં આવસે. પાંચ દિવસ શાળામાં સફાઈ, વર્ગ સુશોભન, ચિત્રકળા, વાંચન, બાલવાર્તા, ઘડિયા ગાન, સહિતના કાર્યક્રમો યોજવામાં આવશે.

૪૨/૮૪ કડવા પાટીદાર સમાજ તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનશે

ગાંધીનગર, તા. ૩૦

શ્રી ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજ દ્વારા તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ અને રમેશ કરોલકર દિગ્દર્શિત 'લગન છે લાકડાનો લાડવો' નાટક આજરોજ રવિવાર બપોરે ૧૨.૩૦ કલાકે ટાઉનહોલ સેક્ટર-૧૭, ગાંધીનગર ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ આપી સન્માનવામાં આવશે. તેમજ આ પ્રસંગે સમાજની ડિરેક્ટરીનું વિમોચન કરવામાં આવશે.

જ્ઞાનકુંભ - દર્શન મારૂ

વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૩ સિનસિનાટી ઓપન ટેનિસ ટુર્નામેન્ટમાં મેન્સ ડબલ્સનું ટાઈટલ કોણે હાંસલ કર્યું હતું?
➜ **બોબ બ્રાયન - માઇક બ્રાયન**

૨. કેનેડાના ટોરંટોમાં યોજાયેલી રોજર્સ કપ-૨૦૧૩ની મહિલા સિંગલ્સનું ટાઈટલ કોણે જીત્યું હતું?
➜ **સેરેના વિલિયમ્સ**

૩. રોજર્સ કપ-૨૦૧૩ની મેન્સ સિંગલ્સની ફાઈનલમાં કેનેડાના મિલોરા રાઓનિકને પરાજય આપી ટાઈટલ કોણે જીતી લીધું હતું?
➜ **રફેલ નડાલ**

૪. રોજર્સ કપ-૨૦૧૩ની વિમેન્સ ડબલ્સનું ટાઈટલ કઈ જોડીએ જીતી લીધું હતું?
➜ **જેલેના જોકોવિક - કતારિના સેબોન્તિક**

૫. વર્ષ ૨૦૧૩માં ૯મી મેન્સ એશિયા કપ હૉકી ટુર્નામેન્ટ મલેશિયાના કયા શહેરમાં યોજાઈ હતી?
➜ **ઇપોહ શહેર**

૬. ૨૦૧૩માં મલેશિયાના ઈપોહમાં યોજાયેલી ૯મી મેન્સ એશિયા કપ હોકી ટુર્નામેન્ટમાં કુલ કેટલી ટીમો એ ભાગ લીધો હતો?
➜ **કુલ-૮ ટીમ**

૭. ૨૦૧૩માં વન-ડે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ રન નોંધાવનારો ખેલાડી કોણ છે?
➜ **મિસ્બાહ-ઉલ-હક**

૮. ૨૦૧૩માં ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાયેલી પ્રતિષ્ઠાના જંગ સમી એશિઝ શ્રેણી કઈ ટીમે જીતી હતી?
➜ **ઇંગ્લેન્ડ**

૯. ૨૦૧૩માં સંરક્ષણ ઉપગ્રહ જીસેટ-૭નું પ્રક્ષેપણ કયા સ્થળેથી કરવામાં આવ્યું હતું?
➜ **ફ્રેન્ચ ગુયાનાના કોરૂ અંતરિક્ષ કેન્દ્ર**

૧૦. ૨૦૧૩માં આયોજીત વર્લ્ડ સ્વિમિંગ ચેમ્પિયનશીપની ૨૦૦ મીટર સ્પર્ધામાં ગોલ્ડમેડલ કોણે જીત્યો હતો?
➜ **અમેરિકાના રેયાન લોશ્ટ**

૧૧. ૨૦૧૩માં ઝિમ્બાબ્વેના કયા ઝડપી બોલરે ૨૪ વર્ષની યુવા વયે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી દીધી છે?
➜ **જાર્વિસ**

૧૨. અફઘાનિસ્તાનની પહેલી અને એકમાત્ર કઈ મહિલા ગવર્નરની વરણી ૨૦૧૩ના રેમન મેગ્સેસે એવોર્ડ માટે કરવામાં આવી હતી?
➜ **હબીબા સરાબી**

૧૩. ૨૦૧૩ ન્યૂયોર્કમાં પ્રથમવાર ભારતીયો માટે કઈ ભાષામાં મતપત્રક બહાર પાડવામાં આવ્યું હતું?
➜ **બંગાળી**

૧૪. ૨૦૧૩માં વિમ્બલડન મેન્સ સિંગલમાં કોણ વિજેતા બન્યું હતું?
➜ **બ્રિટનનો એન્ડી મરે**

૧૪. ૨૦૧૩માં વિશ્વ પ્રસિદ્ધ મોબાઈલ કંપની નોકિયાને ૭.૨ બિલિયન ડૉલરમાં કંઈ કંપનીએ ખરીદી લીધી છે?
➜ **માઇક્રોસોફ્ટ**

૧૬. ૨૦૧૩માં વડોદરાના દર્પણ ઈનાનીને બેલગ્રેડ ખાતે યોજાયેલી વર્લ્ડ ઈન્ડીવીડીયોલ ચેસ ચેમ્પિયનશીપ ફોર ધ બ્લાઈન્ડ કયો એવોર્ડ જીત્યો હતો?
➜ **બ્રોન્ઝ**

૧૭. મલેશિયા ખાતે યોજાયેલ મહિલા એશિયા કપ હૉકી માટે ભારતીય ટીમના સુકાની તરીકે કોની પસંદગી કરાઈ હતી?
➜ **ઋતુ રાની**

૧૮. ૨૦૧૩માં દોષિત સાંસદોને ચૂંટણી લડવા મંજુરી આપતો કયો ખરડો રાજયસભામાં લટકી પડ્યો છે?
➜ **ધી રિપ્રેઝેન્ટેશન ઓફ ધી પીપલ બિલ ૨૦૧૩**

૧૯. ૨૦૧૩માં પ્રશાંત મહાસાગરમાંથી કયો વિશ્વનો સૌથી મોટો જવાળામુખી મળી આવ્યો છે?
➜ **તામુ માસીક**

૨૦. ૨૦૧૩માં નાસા દ્વારા ચંદ્ર પર કયુ રોબોટીક યાન મોકલાયું હતું?
➜ **રોબોટીક એક્સેપ્લોરલર**

ઘરો પે નામ થે નામ કે સાથ ઓહદે થે, બહોત તલાશ કિયા કોઇ આદમી ના મિલા...!!!



રઝળપાટ
અજય ઉપાધ્યાય
akurjt@gmail.com

પરખના મત, પરખને મેં કોઈ અપના નહિ રહતા,
કિસી ભી આયને મેં દેર તક ચહેરા નહિ રહતા,
બડે લોગો સે મીલને મે હમેશા ફાસલા રખના,
જહાં દરિયા સમંદર મેં મિલે, દરિયા નહિ રહતા,
તુમ્હારા શહર તો બિલકુલ નયે અંદાઝવાલા હૈ,
હમારે શહરમે ભી અબ કોઈ હમસા નહિ રહતા!!!

૨ જુલાઈ ૧૯૭૨ ના રોજ સિમલામાં ભારતના તત્કાલીન પ્રધાનમંત્રી ઈન્દિરા ગાંધી અને પાકિસ્તાનના વજીરે આઝમ ઝુલ્ફીકાર અલી ભુટ્ટો વચ્ચે એક કરાર થયો અને ૩ જુલાઈના અખબારોમાં બંનેનો હાથ મિલાવતો ફોટો છપાયો, એ તસ્વીરની નીચે એક શેર છપાયેલો - દુશ્મની જમ કે કરો લેકિન યે ગુંજાઈશ રહે કી જબ કભી હમ દોસ્ત હો જાયે તો શરમિંદા ના હો... એ જ ઈન્દિરા ગાંધીએ એની સહેલી ઋતા શુક્લાને લખેલા એક પત્રમાં એક શેર ટાંકેલો - ઉઝાલે અપની યાદો કે હમારે સાથ રહેને દો..નાં જાને કિસ ગલીમેં જીન્દગીકી શામ હો જાયે... બિલકુલ આ જ શેરનો ઉલ્લેખ આપણા પૂર્વ રાષ્ટ્રપતિ જ્ઞાની ઝૈલસિંહ એ પોતાના આખરી ભાષણમાં પણ કરેલો... અટલબિહારી બાજપેઈ જે બસમાં સવાર થઈને લાહોર ગયેલા એ બસની પાછળ બે લાઈનો લખવામાં આવેલી - દુશ્મની કા સફર એક કદમ દો કદમ, તુમ ભી થક જાઓગે હમ ભી થક જાયેંગે.. પણ દોસ્તીનો સંદેશો લઈને લાહોર ગયેલા અટલની પીઠમાં કારગીલરૂપી ખંજર મારી દેવામાં આવ્યું એનો ઘા રુજાવવા મુશરફ ભારતની મુલાકાતે આવ્યા ત્યારે દિલ્હીમાં સાંજે એમના માનમાં એક મુશાયરો થયેલો જેમાં એક શાયરે મુશરફને આ શેર સંભળાવેલો - મુહોબ્બત મેં દિખાવે કી દોસ્તી નાં મિલા, અગર ગલે નહિ મિલતા તો હાથ ભી નાં મિલા...

૩ જુલાઈની તસ્વીર નીચે છપાયેલો શેર, ઈન્દિરાએ કાગળમાં ટાંકેલો શેર, બાજપેઈની બસ પાછળ લખેલો શેર (એ શેર લખનાર પણ એ જ બસમાં સામેલ હતો લાહોર જવામાં) અને મુશરફને ભરી મહેફિલમાં આવો સજ્જડ શેર સંભળાવનાર એ બીજું કોઈ નહિ પણ આજના અતિ લોકપ્રિય શાયર બશીર બદ્ર સાહેબ હતા. બશીર બદ્ર આ સદીના સૌથી મહાન ઉર્દુ શાયર છે એમ કહેવામાં કોઈ જ અતિશયોક્તિ નથી. બશીરસાબ એક એવા શાયર છે કે જેમના શેર અને ગઝલો લોકજીભે ચડી ગયેલી છે. જેમની સીધી અને સરળ રચનાઓને વારંવાર વાચવી ગમે છે. એમની ગઝલોમાં વ્યક્ત થતી આમ આદમીઓની ભાવનાઓને વાંચતા વાંચતા તમે આ શાયરની સરળ અને ઊંડે સુધી અસર કરી જતી શાયરીમાં કહેવાતી વાતની સાથે પોતાની જાતને જોડી શકો છો.

સાચા અને લોકપ્રિય શાયરની પહેચાન એ છે કે એના શેર કે ગઝલનો રોજબરોજની જીંદગીમાં કેટલો ઉપયોગ થાય છે અથવા તો એવા શેર કેટલા છે કે જે લગભગ બધા જ ગઝલ ચાહકોને કંઠસ્થ છે. ફિરોઝ ગોરખપુરીના મતે ઉર્દુ શાયરીમાં એમ કહેવાય છે કે ગઝલનો કોઈ સર્વોચ્ચ શાયર છે તો એ મીર તકી મીર છે કે જેના લખેલા કે કહેવાયેલા અંદાઝે ૧૮૦૦૦ શેરમાંથી ૧૦૦ જેવા શેર એવા છે કે જે લોકજીભે ચડી ગયેલા છે અને વારંવાર એનો પ્રયોગ થતો રહે છે. મીર તકી મીર પછી ગાલીબને આ માન મળે છે ગાલીબના અંદાજે ૨૦૦૦ જેવા શેરમાંથી પચાસેક જેવા શેર આપણે વારંવાર અને વિવિધ જગ્યાએ કે લોકોના મોઢે સંભાળતા આવ્યા છીએ. ઈકબાલ, ફિરાક કે કૈફી જેવા શાયરોના શેર પણ અમુક અંશે લોકપ્રિય છે પણ બશીરસાબ એક એવા શાયર છે કે જેમના બહુધા શેર વારંવાર અને લાખો ચાહકોના મોઢે રમતા રહે છે. કોઈને આ અતિશયોક્તિ લાગે પણ આ જ હકીકત છે.

૧૫ ફેબ્રુઆરી ૧૮૬૯ માં મહાન શાયર મિર્ઝા ગાલિબે વિદાય લીધી અને જોગાનુજોગ ૧૫ ફેબ્રુઆરી ૧૯૩૫ માં કાનપુરની ધરતી પર બશીરસાબનો જન્મ થયો. કોઈએ સાચું જ કહેલું છે કે શાયર બનતા નથી હોતા પણ પેદા થાય છે. માત્ર ૧૦ જ વર્ષની ઉમરમાં બશીરસાબે પોતાની જિંદગીનો પ્રથમ શેર લખ્યો - તેરે ઈશ્ક મેં મરા જાં રહા હું, હવા ચલ રહી હૈ ઉડા જાં રહા હું - પ્રથમ શેરમાં જ બશીરસાબનો અંદાઝ જુવો કે જે આગળ જતા એક લોકપ્રિય અને મહાન શાયરના સ્વરૂપે જગતભરમાં ફેલાવાનો હતો અને આજે સાત દાયકા પછી પણ બશીરસાબનો એ પ્રથમ શેરવાળો જાદુ અકબંધ છે... બશીરસાબના પિતાજી પોલીસમાં હતા એક મુલાકાતમાં પોતાના આ પ્રથમ શેર વિષે બશીરસાબ કહે છે કે મેં આ મારો પ્રથમ શેર પિતાજીને સંભળાવ્યો એ પછી પિતાજી તરફથી સારો એવો માર પણ પડેલો. પણ આગળ કહ્યું એમ આ કાઈ થોડો બનાવેલો શાયર હતો, આ તો ભગવાને નસોમાં લોહીની જગ્યાએ શાયરીઓ ભરીને દુનિયા પર મોકલેલો શાયર હતો.

પિતાજી સાથે ભાવનાત્મક મજબૂતાઈથી જોડાયેલા બશીરસાબને પિતાની માંદગીને લીધે ભણતર છોડીને પોલીસની નોકરીમાં લાગી જવું પડ્યું પણ શાયરી ચાલુ રહી.ઘણા વર્ષો સુધી નોકરી કર્યા પછી એમણે અલીગઢ યુનીવર્સીટીમાંથી ઉર્દુમાં એમ.એ. વિથ ગોલ્ડ મેડલ અને પી.એચ.ડી.પણ કર્યું અને એ જ યુનીવર્સીટીમાં પ્રોફેસર તરીકે ની નોકરી પણ કરી. બશીરસાબ એકમાત્ર એવા શાયર હશે કે જેમણે પોતે લખેલા પુસ્તકો વિદ્યાર્થીઓને પોતે જ ભણાવ્યા. અલીગઢ યુનીવર્સીટી પછી એમણે મેરઠની કોલેજમાં પણ પ્રાધ્યાપક તરીકે કામ કર્યું.પણ ૧૯૮૪માં મેરઠમાં થયેલા તોફાનોમાં તોફાનીઓએ બશીરસાબનું ઘર સળગાવી દીધું પછી આ શાયર ભોપાલ રહેવા જતા રહ્યા પણ મેરઠના તોફાનોનું દર્દ એમના આ અતિ પ્રસિદ્ધ શેરમાં હજુ આજે પણ સંઘરાયેલું છે - લોગ ટૂટ જાતે હૈ એક ઘર બંનાને મે, તુમ તરસ નહિ ખાતે બસ્તિયા જલાનેમે...

બશીરસાબની ગઝલોની લોકપ્રિયતાનું રહસ્ય છે એમાં લખતા સરળ અને સૌને સમજાય એવા શબ્દો. ખુદ બશીરસ સાહેબે એક વાર કહેલું કે મેં પણ શરૂઆતમાં અઘરા ફારસી અને અરબી શબ્દોનો ઉપયોગ કરેલો, ગઝલો તો સારી જ બનેલી પણ અઘરા અને કઠીન શબ્દોને લીધે લોકોના દિલમાં સ્થાન નાં મેળવી શકી. અભ્યાસ પછી મને લાગ્યું કે મીર, ગાલીબ વગેરેનું લોકપ્રિય થવાનું કારણ એ હતું કે તેઓ લોકો સમજી શકે એવી ભાષા અને શબ્દોમાં ગઝલો લખતા હતા પછી મેં પણ અઘરા શબ્દોની જગ્યાએ સરળ અને સમજાય એવા શબ્દો વાપરવાની શરૂઆત કરી. અને એનો જ પ્રભાવ છે કે બશીરસાબને આજે આમ આદમીના શાયર તરીકે આપણે ઓળખીએ છીએ. આ જુઓ બશીરસાબના આ સરળ શેરમાં કેટલી ગહન વાત છે મુલાઈજા ચંદ શેર પેશ હૈ - મૈ હર લમ્હે મેં સદીયા દેખતા હું, તુમ્હારે સાથ એક લમ્હા બહોત હૈ... જિસ દિન સે મૈ ચલા હું મેરી મંઝીલ પે નઝર હૈ, આંખોને કભી મિલ કા પત્થર નહિ દેખા... મૈ ચુપ રહા તો ઔર ભી ગલત ફ્હીમીયા બધી, વો ભી સુના ઉસને જો મૈને કહા હી નહિ... જી બહોત ચાહતા હૈ સચ બોલે, ક્યા કરે હોંસલા નહિ હોતા... ઈક દિન તુજસે મિલને જરૂર આઉંગા...જિંદગી મુજે તેરા પત્તા ચાહિયે... અથવા આ માસ્ટરપીસ... વો શાખ હૈ ન ફૂલ, અગર તીતલીયા નાં હો....વો ઘર ભી કોઈ ઘર હૈ જહાં બચ્ચીયા નાં હો...

આગળ મુશરફની ભારતયાત્રાવાળી વાત લખી એના બીજા જ દિવસે મુશરફની તાજમહાલની મુલાકાત પછી આગ્રાની એક હોટેલમાં ઈન્ડો-પાક મુશાયરાનું આયોજન થયેલું. એ મુશાયરામાં બશીરસાબે બંને પ્રધાનમંત્રીઓને સંબોધીને આ શેર રજુ કરેલો - યે સોચ લો અબ આખરી સાયા હૈ મુહબ્બત , ઈસ દર સે ઉઠોગે તો કોઈ દર ન મિલેગા... આવા તો અનેક બનાવો અને કિસ્સાઓ છે કે જેમાં બશીરસાબના શેરનો ઉપયોગ હસ્તીઓના મુખેથી થયો હોય અને એનું કારણ છે કે બશીરસાબ ફક્ત હિન્દુસ્તાનમાં જ નહિ પણ વિશ્વના અનેક દેશોમાં લોકપ્રિય છે. આ એક જ વર્તમાન શાયર એવો છે કે જેની ગઝલો અને શેરો ભારતની સાથે સાથે પાકિસ્તાનના અખબારો અને મુશાયરાઓમાં હોંશે હોંશે રજુ કરાય છે. બશીરસાબ મિજાજના શાયર છે, લાગણીના શાયર છે અને ખાસ તો એવા સરળ શબ્દોના સ્વામી છે કે જેની હથોટી બહુ ઓછા શાયરો પાસે હોય છે. બશીરસાબનું માનવું છે કે શાયરીને કોઈ ભાષા હોય તો એ ફક્ત દિલની ભાષા જ હોવી જોઈએ, હિન્દી, ઉર્દુ કે અરબી એ તો ફક્ત લખવાની શૈલી છે.

આવો માણીયે આ શાયરના થોડા વધુ શેર - મુજસે બિછડકર ખુશ રહેતે હો, મેરી તરહ તુમ ભી ઝૂઠે હો... યે શબનમી લહેજા હૈ આહિસ્તા ગઝલ પઢના, તિતલી કી કહાની હૈ ફૂલો કી જબાની હૈ... જિસ પર હમારી આંખને મોતી બીછાયે રાતભર, ભેજા વહી કાગઝ ઉસે હમને લિખા કુછ ભી નહિ... આ જાતા હૈ ખુદ ખીંચ કર દિલ સીને સે પટરી પર, જબ રાત કઈ સરહદ સે એક રેલ ગુજરતી હૈ... જિંદગી તુને મુજે કબર સે કમ દી હૈ જમી, પાવ ફૈલાઉ તો દીવાર મેં સર લગતા હૈ... તમામ રિશ્તો કો મૈ ઘર પે છોડ આયા થા, ફિર ઉસકે બાદ મુજે કોઈ અજનબી નહિ મિલા... કિસ ને કિસકા નામ ઈંટ પે લિખા હૈ ખૂન સે, ઈશ્તીહારો સે એ દીવારે છુપા શકતે નહિ...અઝીબ શખ્સ હૈ નારાઝ હો કે હસતા હૈ, મૈ ચાહતા હું ખફા હો તો વો ખફા હી લગે... મૈ પૂછતાં હું મેરી ગલી મેં વો આયે હી કયો, જિસ દાકીયે કે પાસ તેરી ચિઠ્ઠીયા નાં હો... આજ સુરજ ક રુખ હૈ હમારી તરફ, એ બદન મોમ કા હૈ પિઘલ જાયેગા... મુજે માલુમ હૈ ઉસકા ઠીકાના ફિર કહા હોગા, પરિંદા આસમાં છુને મેં જબ નાકામ હો જાયે... તુમ અભી શહર મેં ક્યાં નયે આયે હો, રુક ગયે રાહ મેં હાદસા દેખકર... ચાંદ તારે સભી હમસફર થે મગર, જિંદગી રાત થી રાત કાલી રહી... કોઈ હાથ ભી નાં મીલાયેગા જો ગલે મિલો તપાક સે,.યે નયે મિજાજ કા શહેર હૈ જરા ફાસલે સે મિલા કરો... કુછ તો માંજબુરીયા રહી હોગી, યુ હી કોઈ બેવફા નહિ હોતા... મિલ ભી જાતે હૈ તો કતરા કે નિકાલ જાતે હૈ, હાય દોસ્ત ભી મોસમ કી તરહ બદલ જાતે હૈ... કભી ધૂપ દે કભી બદલીયા, દિલોજાન સે દોનો કબુલ હૈ,મગર ઉસ નગર મેં નાં કૈદ કર જહાં જિંદગી કઈ હવા નાં હો... ટુ જાણતા નહિ મેરી ચાહત અઝીબ હૈ, મુજકો મના રહ હૈ ખુદ તો કભી ખફા ભી હો... લખવા બેસીએ તો બશીરસાબ ના આવા અસંખ્ય શેર લખી શકાય.

બશીર બદ્રની લખેલી ગઝલો અનેક નોન ફિલ્મી અલ્બમો માં પ્રખ્યાત ગાયકોના કંઠે પણ ગવાઈ ચુકી છે જેમ કે - એ સાઉન્ડ અફેર, આઈના, હોપ , વિઝાન, તુમ તો નહિ હો (જગજીત સિંહ), અમન (પંકજ ઉધાસ) પરવાઝ (રૂપકુમાર રાઠોડ) વગેરે વગેરે, દરેક કલાકાર સાથે થાય છે એમ બશીર બદ્રની સાથે પણ વિવાદો જોડાયેલા રહ્યા છે. મેરઠના તોફાનોમાં પોતાનું ઘર ગુમાવી ચુક્યા પછી દુબઈના એક મુશાયરામાં એમણે હિન્દુસ્તાનની બરબાદીવાળી કરેલી વાતથી સાહિત્યજગતમાં હલચલ મચી ગયેલી જો કે એ વાતમાં બશીર બદ્રએ અનુભવેલા તોફાનોનું દર્દ હતું એ વાત સમજતા લોકોની વાર નહોતી લાગી. ૧૯૯૯માં પદ્મશ્રી થી સન્માનિત આ શાયર અને આજના મશહુર શાયર અને ગીતકાર નુસરત બદ્રના પિતા અત્યારે તો ભોપાલના પોતાના મકાનમાં ૮૦ વર્ષની જૈફ ઉમરે બીમારીઓથી જંગ લડી રહેલ છે પણ ગઝલને સમજતો અને ચાહતો હરેક ઈન્સાન બસીરસાબની લખેલી એક એક નઝમ કે ગઝલ નો દીવાનો છે.

રીમાંઈન્ડર -

હમ ભી દરિયા હૈ હંમે અપના હુન્નર માલુમ હૈ, જિસ તરફ ભી ચલ પડેંગે રાસ્તા હો જાયેગા

- બશીર બદ્